HALAI MUSLIM KHATRI TRUST
A Team with Many Hands Devoted for Education

હાલાઈ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટ મુખપત્ર

# ટાઈમ્સ ઓફ ખત્રી
# Times of Khatri

માસિક

હાલાઇ મુસ્લિમ ખત્રી સમાજની સેવાર્થે ● આ માસિક પત્રિકાને રાજદ્વારી બાબતો સાથે કશો જ સંબંધ નથી. ફક્ત સમાજિક સેવાનો ધ્યેય છે.

વર્ષ-૯ અંક-૧૨ સળંગ અંક-૯૨ માહે-જમાદીઉલ આખીર હિજરી-૧૪૪૬ ડિસેમ્બર-૨૦૨૪
તંત્રી : રફીક અબુબકર છાટબાર For abroad: £ 10 વાર્ષિક લવાજમ રૂા. ૧૨૦/-

## મારો સ્વાનુભાવઃ "માહોલની અસર"

રજૂઆતઃ એમ. જે. દગીયા સાહેબ, ભરૂચ

હું જોડીયા ગામની શેઠ કે.ડી.વી. હાઇસ્કૂલમાં ધોરણ ૮ થી ૧૧ તે ૧૯૭૦ સુધી ભણ્યો. તે સમયે અંગ્રેજી વિષય ધોરણ ૮ થી શરૂ થતો હતો. ABCD થી This is a table, This is a chair, વગેરે મતલબ બેઝીક at the age of 12 years. ઘર શેરી કે સ્કૂલ માહોલ આ ઓલો ઈ જ હોય. ધોરણ ૯ શરૂ થાય એટલે એકદમ થોડું હાઇ અંગ્રેજી શરૂ થઇ જાય. અંગ્રેજીમાં પોતાનું વાક્ય બનાવવાની કે બોલવાની વાત જ ન હોય. માત્ર યાદદાસ્તા પર આધારિત પરીક્ષા આપવાની તૈયારી લગભગ તે સમયે એટલે કે આ વિદ્યાર્થી અવસ્થામાં કે આ ઉંમરમાં મોટે ભાગે બધાની યાદદાસ્ત સારી જ હોય, વાંધો ન આવે.

સંપૂર્ણ વિદ્યાર્થી અવસ્થા આ સમયની દેશી અને ગુજરાતી. ત્યારબાદ વડોદરાની MSU માં કોમર્સમાં પ્રવેશ લીધો, માધ્યમ અંગ્રેજી ભાષા! યાદદાસ્તના ભાથાથી ગાડુ ગબડાવ્યું. આના લીધે પણ અંગ્રેજી કઇ ખાસ આવડયું નહીં. ભલે માધ્યમ ભણવાનું અંગ્રેજી પણ માહોલ તો એજ દેશી. આના લીધે અંગ્રેજી સારૂં લખી શકીયે કે બોલી શકીયે એ વાતમાં માલ નહિ કારણ આવી કોઇ તક, માહોલ કે અભિગમનું માર્ગદર્શન પણ નહિ, પણ ગાડુ હૈંડયું!

બી.કોમ. થયા પછી તરત પ્રાઇવેટ ફર્મમાં જોડાયા. તે સમયે ડૉ. નિઝામી પારાસીટમલ પાવડર બનાવવાની R&D કરી રહયા હતા અને ઉત્પાદન કરવાની તજવીજ પણ કરી રહયા હતા અને Export કરવું એ ધ્યેય હતું. શાયદ તે સમયે Export ની વિધી થોડી વધારે Complicated હતી. આ માટે તેમની પાસે સમય પણ હતો. જેથી મોંઘો માણસ રાખવાના બદલે કેરાલાના એક માણસને ટ્રેઇની તરીકે રાખ્યો, જે પહેલા કેરાલામાં શિક્ષકનો પાર્ટ ટાઇમ જોબ કરતો. એટલે સાથે સાથે પોતાના ભાઇના છોકરાને અંગ્રેજીના ટયુશનમાં પણ ગોઠવી દીધો. આપણે જાણીએ છીએ, પ્રાઇવેટમાં વધુને વધુ Resource ની Economy હોય મારા ટેબલની સામે બીજી ખુરશી મુકાવી દીધી. બન્ને વચ્ચે એક ટેબલ. એને એક Import/Export ની બુક આપી દીધી અને કહ્યું કે આ વાંચો અને સમજો. આયણા Export ને વાર છે. એટલે આમ અમે બન્ને પાર્ટનર થયા.

હવે વાત ખરી શરૂ થઇ. એને મલયાલમ અને અંગ્રેજી ભાષા સિવાય બીજી ભાષાઆવડે નહિ. એણે અંગ્રેજી વિષયમાં એમ.એ. કરેલ. મને અંગ્રેજી બરાબર બોલતા ન આવડે અને એને ગુજરાતી કે હિન્દી. રોજ ૮ કલાક સાથે બેસીએ એટલે વાતચીત તો કરવાની થાય. બાય ધ વે એનું નામ સુમેશ હતું. મને અંગ્રેજીમાં વાત કરવાનો મહાવરો નહિ એને તો એ જ આવડે. પછી ધીરે ધીરે ભાંગીટૂટી અંગ્રેજીમાં વાત કરવાની શરૂઆત કરી અને કીધું કે તમે સમજી જાવ પછી કરેકટ કરતા રહેજો. એ પાછો મૂળે માસ્તર એટલે કરેકશન કરી શીખવાડવા માંડયું. આમાં આમ બોલાય, આનો ઉચ્ચાર આમ કરાય. સાદી વાતચીતમાં સાદા શબ્દો જ વાપરવા જેથી સામા માણસને જલ્દી સમજાય વિગેરે. રોજની માત્ર આ જ વાતચીતના માહોલથી હું સારૂં અંગ્રેજી બોલતો થઇ ગયો. પછી ધનાધન. થોડું ખોટું સાચું થઇ જાય તો પણ ચિંતા નહિ. ફોબીયા..નહિ બોલી શકાય તે ઉડી ગયો.

પછી તો ભૂતને પીપળો મળી ગયો અને બધે આ પ્રેકટીસ ખૂબ ખૂબ ઉપયોગી સાબિત થઇ. આના લીધે લખવાની પણ સારી ફાવટ આવી. આ માહોલની એ અસર થઇ કે આ માટે કંઇ વધારે તૈયારી કરવાની જરૂર જ ન પડી.

આગળ જતાં જોબમાં પણ આ learning એક એસેટ બની ગઇ. જોબ Exucation માં વ્યક્તિત્વ established કરવામાં આના ફાળો ખૂબ રહયો.

કંપનીના છેલ્લા ૧૫ વર્ષ જેમાં મારી પાસે ફાઇનાન્શીયલ એપ્રુવલ પોટફોલિયો હતો અને તે અનુસંધાન વારંવાર લખવાનું, ઇન્ટરનલ એકઝીકયુટીવ સાથેની મિટીંગો કે બહારની પાર્ટીઓ સાથેની મિટીંગોમાં આ સાદી શીખેલ અંગ્રેજી એ હંમેશા સારૂ સ્થાન અપાવ્યું. જે એક આકસ્મિક માહોલ અંતર્ગત હતું. એટલે માહોલ માણસના જીવનમાં ઘણો અગત્યનો ભાગ ભજવે છે એટલે દરેક ક્ષેત્રે સારો માહોલ સર્જાય તે માટે પ્રયત્નશીલ રહેવું જોઇએ, ભલે પછી એ રહેણાંક હોય, સ્કૂલ હોય કે કોઇપણ ક્ષેત્ર.

+91 9820223138
Asif Khatri
Managing Director
Fauz EXPORTS
Manufacturer - Exporter - Importer
(Serving Our Valued Customers Since 1994)
(Government Recognised Two Star Export House)
179, Commercial Chambers,
5th Floor, Office No. 70, Yusuf Meher Ali Road,
Opp. Zakaria Masjid, Mumbai - 400 003. (INDIA)
+91 22 2345 5378 / 2345 5479
: fauzexports@gmail.com
: www.fauzexports.com

# “આપણને કોણ નથી લૂટતું, સાહેબ?” રૂંવાટા ઉભી કરતી દાસ્તાન

સાભાર, મુહમ્મદ જમાલ પટીવાલા, મોડાસા

હું એક રસ્તેથી પસાર થઇ રહયો હતો, તો જોયું કે એક વ્યક્તિએ કોઇ માંગવાવાળાને ફટ દઇને ખિસ્સામાંથી કાઢીને પચાસ રૂપિયાની નોટ આપી દીધી. હું મારી જાતને વધારે હોશિયાર સમજતો હતો. તેથી મેં તેને કહયું કે “ભાઇ, જરા જોઇ-વિચારીને આપવાનું રાખો, આ લોકો ફ્રોડ હોય છે અને સામાન્ય માણસની નેકીની લાગણીને એકશપ્લોઇટ કરે છે. બીજી રીતે કહીએ તો લોકોને લૂંટવાનું કામ કરે છે.”

તે વ્યક્તિએ કહયું “તમે સાચું કહો છો, સાહેબ! હું પહેલા તમે કહયું એવું જ કરતો હતો પણ એક ઘટનાએ મારી દુનિયા જ બદલી નાખી.”

પછી તેણે પોતાની સાથે ઘટેલી દાસ્તાન સંભળાવવાનું શરૂ કર્યુ.

હું મારા ઘરથી સાયકલ પર નીકળ્યો હતો કે કોન્ટ્રાકટરથી મારા બાકી પૈસા વસુલ કરૂં. હું સ્ટીલ ફિકસર હતો અને એક બંગલાના લેન્ટર્નના પૈસા બાકી હતા. પણ કોન્ટ્રાકટર આજ-કાલ પર ટાળતો હતો.

હું સાયકલ પર જઇ રહયો હતો કે એક વ્યક્તિ ફૂટપાથ પર પોતાના બાળકને સુવડાવીને લોકો પાસે તેને હોસ્પિટલે પહોંચાડવાનું ભાડું માંગી રહયો હતો. તે કયારેક કોઇ પગપાળા ચાલતા માણસનું બાવડું પકડીને હાથ જોડીને કહેતો કે મારા બાળકને બચાવી લો, મને ટેકસીના પૈસા આપો. તો કયારેક કોઇ સાયકલવાળાને હાથ બતાવીને રોકતો, કયારેક કોઇ ગાડીવાળાના પાછળ દોડતો કે તે કારમાં તેના બાળકને હોસ્પિટલ પહોંચાડી દે. આવતા-જતાં લોકોને હાથ જોડીને વિનવણીઓ કરતો, રડતો જતો અને બાળક તરફ ઇશારા કરતો. કોઇ વ્યક્તિ રોકાતો, તો કોઇ ન રોકાતો. જે વ્યક્તિ રોકાતો, તે પણ તેને ઘૂરીને જોતો, અને તમારા વાળી માનસિકતાથી તેને ધમકાવતો, કોઇ ધકકો મારતો, કોઇ હાથ ઝટકતો, કોઇ મોઢું બગાડતો. કોઇ વળી તેને મહેનત કરીને ખાવાની નસીહત કરીને આગળ વધી જતો.

હું દૂર સાયકલ ઊભી રાખીને આ બધો તમાસો જોઇ રહયો હતો. અચાનક તેની નજર મારા પર પડી અને ભાગીને આવીને મારી સાયકલનું હેન્ડલ સજ્જડપકડી લીધું. “ભાઇ સાહેબ, અલ્લાહ માટે મારા દીકરાને બચાવી લો. તેને સખત તાવ છે. તમે નીચે ઉતરીને તેને જોઇ લો તો તમને વિશ્વાસ આવી જશે કે હું જૂઠ નથી બોલતો. જો તમે કંઇક આપશો તો બીજા લોકોને પણ ભરોસો આવી જશે.”

હું પણ તમારી જેમ જ વિચારતો હતો. તેણે જે આક્રમક રીતે મારી સાયકલનું હેન્ડલ પકડયું હતું, તેનાથી એવું લાગતું હતું કે જેવા હું સાયકલ પરથી ઉતરીશ કે તરત જ તે સાયકલ પકડીને નાસી જશે. મેં પણ તેને કામ-ધંધો કરવાની શિખામણ આપી અને પાછલા જુમ્આમાં સાંભળેલી હદીસ સંભળાવી દીધી. અને પછી પોતાની સાયકલનું હેન્ડલ છોડાવીને બબડતો ત્યાંથી નીકળી ગયો “હરામખોર અમને મૂર્ખ બનાવે છે.”

બે-ત્રણ કલાક પછી જયારે હું બાકી પૈસા વસુલ કરીને આવતો હતો તો જોયું કે તે હજુ પણ એ જ જગ્યાએ ઉભો રહીને માંગી રહતો હતો અને આવતા-જતાં લોકોને આજીજી કરી રહયો હતો. બાળકને હવે તે સડકની પાસે લઇ આવ્યો હતો અને તેના ચહેરા પરથી કપડું પણ હટાવી લીધું હતું. તે પોક મૂકીને રડી રહયો હતો. હવે તે પોતાના મૃત બાળક માટે કફનના પૈસા માંગી રહયો હતો.

મેં તેનું આક્રંદ જોઇને સાયકલ ઊભી રાખી. નીચે ઉતર્યો અને મૈયતના ચેહરા તરફ જોયું... ફૂલ જેવો નિર્દોષ બાળક... જીવનની બાજી હારી ગયો હતો. મારા રૂંવાટા ઊભા થઇ ગયા. હું અંદરથી હચમચી ગયો... મારા હોશકોશ ઊડી ગયા.. મેં અનાયાસ ખિસ્સામાં હાથ નાખ્યો. જે કંઇ પણ હતું તે બધું જોયા વગર કાઢીને બહાર ફેંકી દીધું અને એ પહેલા કે તેનો બાપ મારા સામે જુવે, કંઇ કહે તે પહેલા સાયકલ ઝડપથી ચલાવીને એવી રીતે હાંફળો-ફાંફળો ત્યાંથી ભાગ્યો કે જાણે આખા શહેરની બલાઓ મારા પાછળ પડી હોય!!

હું જયારે ઘરે પહોંચ્યો ત્યારે મારી હાલત ખૂબ ખરાબ હતી. થોડી વાર પછી મને તાવે જકડી લીધો. તાવ પણ એવો જાણે મારા બધા ગુનાઓનો કફ્ફારો આ જ તાવથી પૂરો થવાનો હોય! ઘરવાળા મને હોસ્પિટલ લઇ જવા નીકળતા અને હું તેમના હાથમાંથી છટકીને ફરી ઘરમાં ભરાઇ જતો. મારે હસ્પિટલ જવું ન હતું. મને એ જ બાળકની જેમ એડીઓ ઘસી-ઘસીને મરવાની ઇચ્છા થતી હતી. એ બાળકનો માસૂમ ચહેરો અને

Dr. Aziz Khatri - Mob. 093224 03733
Mohshin Khatri - Mob. 098674 66346
KHATRI DIAGNOSTIC CENTRE
MUMBAI
FACILITIES OFFERED:
Digital X-Ray, Pathology, Sonography, E.C.G., Color Doppler, E.E.G., Stress Test, 2D Echo, C.T. Scan, MRI, P.F.T., APG

Mohammed Husain Girach
Mob. 96621 95028
Abulhasan Girach
Mob. 90995 59155
EMPIRE CREATION
Mfg. or Exclusive Dress Materials & Bandhani
Wholesaler and Retailers
Main Road, Navagadh (Jetpur)

તેના બાપની વેદનાનું દ્રશ્ય મારો પીછો છોડતા ન હતા. ચારેક દિવસમાં તાવ જતો રહયો, પણ જાણે હું માનસિક રોગી બની ગયો હતો. મને લાગતું કે જાણે મારો પોતાનો એકનો એક પુત્ર, જે ત્રીજા ધોરણમાં ભણતો હતો, તે આ બાળકના કફ્ફારામાં મરી જશે. મેં મારા બાળકને સ્કૂલ મોકલવાનું બંધ કરી દીધું. પત્નીના વારંવારના આગ્રહ છતાં સ્કૂલ તો શું, ઘરના દરવાજા બહાર પણ હું તેને જવા દેતો ન હતો.

આમને આમ ૪૦ દિવસ વીતી ગયા. મારા મનમાંથી તે બાળક અને તેના બાપ નીકળતા જ ન હતા. મારા બાળકનું નામ સ્કૂલમાંથી કમી થઇ ગયું. મારી પત્નીને પણ કાંઇ સૂઝતું ન હતું. તેણે પોતાના ભાઇને વાત કરી, જે દુબઇની એક કંપનીમાં સારી પોસ્ટ પર હતો. તેણે મને ફોન કર્યો કે હું પાસપોર્ટ બનાવી લઉં. પણ હું તો મારૂં આઇ-કાર્ડ પણ પૈસાની સાથે તે બાળકની મૈયત પર ફેંકીને આવ્યો હતો. બીજું એ કે હું મારા પુત્રને એકલો મૂકીને કયાંય જવા માંગતો ન હતો. તે ચાલીસ દિવસ તો જાણે કયામતના ચાલીસ દિવસ હતા.

એકતાળીસમા દિવસે સવારે ૧૦ વાગે મારા ઘરનો દરવાજો કોઇએ ખટખટાવ્યો. દરવાજો મેં પોતે જ ખોલ્યો અને સામે તે બાળકના બાપને જોઇને મને ચકકર આવી ગયા. થોડીક વાર તો એવું લાગ્યું કે જાણે અમે બન્ને ઊંચે આકાશમાં ગોળ-ગોળ ફરી રહયા છીએ અને તેણે મારો હાથ કસીને પકડી રાખ્યો છે, જે રીતે તે વખતે મારી સાયકલનું હેન્ડલ પકડી રાખ્યું હતું. વચ્ચે-વચ્ચે તે બાળકનો ચહેરો પણ આવી જતો હતો. મારી હાલતથી બેખબર તે પિતાએ મને ભીંસી લીધો અને ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યો. તે કંઇ કહેવાને બદલે મારી દાઢીને હાથ લગાવતો અને તેને ચૂમી લેતો. જયારે કે હું પથ્થરની જેમ તેની પકડમાં ચુપચાપ તેને આંખો ફાડીને જોઇ રહયો હતો કે અચાનક મને ઝટકો લાગ્યો અને મારા મોઢામાંથી એવી ચીસ નીકળી ગઇ, જે રીતે પાણી પીતી વખતે પાણી શ્વાસનળીમાં જતું રહે અને પછી અવાજની સાથે પાણી મોઢા અને નાકમાંથી અવાજની સાથે નીકળે છે. પછી મેં એ બાળકના બાપને જોરથી છાતી સાથે ભીંસી દીધો અને એ રીતે ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યો કે બાળક તેનો નહિ બલ્કે મારો મરી ગયો હોય! અમારા રડવાથી મહોલ્લાના બધા લોકો ભેગા થઇ ગયા હતા.

ધીમે ધીમે ૪૦ દિવસનો ધુમાડો મારા મનમાંથી નીકળી ગયો. તેને હું ઘરમાં અંદર લઇ આવ્યો, મહોલ્લાવાળા પણ અંદર આવી ગયા હતા. થોડીક વાર પછી તે પિતાએ ખિસ્સામાંથી મારૂં આઇ-કાર્ડ કાઢયું અને થોડાક પૈસા કાઢયા, અને મને પરત કરતાં મારો આભાર માનતા કહેવા લાગ્યો, ‘‘સાહેબ, તમને શોધવામાં મને ખૂબ વાર થઇ ગઇ, માફ કરજો. તમારા પૈસા ખૂબ બરકતવાળા હતા. કદાચ તમારા ઇખલાસની એ બરકત હતી કે તેનાથી મારા ઘણાં કામ થઇ ગયા. બધા ખર્ચ થયા પછી જે પૈસા બચી ગયા હતા, તેમાં થોડાક પૈસા ઉધાર લઇને નાખ્યા છે. આ લઇ લો, બાકીના પૈસા પણ હું થોડાક દિવસોમાં આપી દઇશ, ઇન્શાઅલ્લાહ!’’ મેં એ પૈસા પાછા લેવાનો ઇન્કાર કર્યો અને તેને સમજાવી-પટાવીને પૈસા રાખી લેવા રાજી કરી લીધો.

મારા મનની બેચેની દૂર થઇ ગઇ હતી. પછી હું દુબઇ જતો રહયો, અને વેકેશનમાં હમણાં જ આવ્યો છું. મેં ત્યાં ખૂબ મહેનત કરી અને હાલ ફોરમેનની પોસ્ટ પર છું. થોડાંક વર્ષો પછી મારા સાળાની મદદથી મેં ત્યાં મારી પોતાની કંપની બનાવી લીધી અને તે બાળકના પિતાને પણ ત્યાં બોલાવી લીધા.

આજે મારી કંપનીમાં તે ફોરમેન છે. તે બાળક પછી અલ્લાહે તેને બે પુત્રો અને એક પુત્રીથી નવાજયો છે. હું તેનાથી તમારી મુલાકાત જરૂર કરાવીશ. પણ તેના સામે સાયકલવાળી વાત ન કરજો. તેને આજ સુધી ખબર નથી કે તેણે સાયકલ રોકીને જે વ્યક્તિને તેના બાળકને હોસ્પિટલમાં લઇ જવા વિનવણી કરી હતી તે હું જ હતો. તે તો મને વલી અલ્લાહ સમજે છે કે જેણે બાળકની મૈયત જોઇને પોતાનું બધું જ આપી દીધું હતું. ‘‘સાહેબ, તે પછી હું કોઇના હાથ ખાલી નથી જવા દેતો. થોડુંક આપી દેવાથી ન તો તે અમીર બની જાય છે હને ન હું ગરીબ. બસ, મને સાંત્વના મળી જાય છે કે હું તે બાળકનો ખૂં-બહા (Blood money, હત્યા-દંડ) અદા કરી રહયો છું અને રહી ગઇ લૂંટાવાની વાત, તો આપણને કોણ નથી લૂંટતું... ચપ્પલવાળો લૂંટે છે, કાપડવાળો લૂંટે છે, સરકારી ઓફિસવાળા લૂંટે છે, શાકભાજી અને ગોસ્તવાળા લૂંટે છે, બલ્કે આપણે જયાં પણ પૈસા આપીએ છીએ ત્યાં અહેસાસ એ જ થાય છે કે આપણને લૂંટી લીધા! આટલું લૂંટાયા પછી જો કોઇ આપણને અલ્લાહના નામે લૂંટી લે તો કદાચ હશ્રના મેદાનમાં આપણી નિજાત એ રીતે થઇ જાય કે બંદો મારા ખાતર, મારા નામે લૂંટાતો રહયો છે!’’

(સાભારઃ સૈયદ અબ્દુલમજીદની પોસ્ટ)




Dr. Aqsa Khatri
M.S. (Gynec), FMAS
RCOG Trainee, London UK

Kutch Women's Hospital
Complete Obstetric & Gynec Care

1st Floor, Paras Apartment, Plot No. 72, Vijay Nagar, Hospital Road, BHUJ-Kutch
02832-296396  95865 15690
follow us:
dr.aqsa4439
gynec_doctor_aqsa
24 Hrs. Emergency Facility Available

Ahmed Raza +971 6 5350313 +971 55 5983786   www.maplestar.ae   Muhammed Akib +971 4 359 3987 +971 58 849 4679

مبيل ستار للكمبيوتر ش.ذ.م.م
MAPLESTAR COMPUTERS L.L.C.

Dubai : Shop No.10, Next to Gateway Hotel, Bur Dubai (UAE) • Sharjah : Shop No.9 &10, Industrial Area No.6, Sharjah (UAE)
IMPORT • EXPORT • BUY • SELL • REPAIRS • SPARES • LAPTOPS • DESKTOPS • MONITORS • AIO • RAM • HDD • SSD

# પ્યારા નબી (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ના બારામાં કુર્આન શું કહે છે?

રજૂઆતઃ અ.ગફાર એમ. સોનેજી "નૂરી", દુબઈ

હુઝુર પુરનૂર, મદની સરકાર (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) વિશે કુર્આન-અલ્લાહની પ્યારી કિતાબ શું શું કહે છે તે જાણવું જરૂરી છે. આ સંદર્ભે જણાવી દઉં કે પુરૂ કુર્આનમાં જ્યાં જ્યાં નજર પડે ત્યાં ત્યાં તમને આપ સરકારની તારીફમાં વર્ણન વાંચવા મળશે. તેમને જ્યારે જ્યારે પુકારવામાં આવ્યા તો બહુ જ પ્યારભર્યા અંદાજમાં પુકારવામાં આવ્યા. તેમના વખાણ લખવા બેસીએ તો એક પુસ્તક બીજું લખવું પડે. માટે ટૂંકાણમાં પણ વિસ્તારથી જાણકારી જણાવીશ.

કુર્આન પારા નં. ૩૦ સૂરહ અલમનશરહ માં "વરફઅના લકા ઝીકરહ" અર્થાતઃ (કન્ઝુલ ઈમાન) "અને અમે તમારા માટે તમારૂં ઝિક્ર બુલંદ કર્યુ."

ઝીકરનો મતલબ અહીં દરૂદ શરીફ છે, જ્યારે એક મુસ્લિમ દરૂદે પાક પઢે છે તો નબીએ કરીમ રહેમતુલીલ આલમીન (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)નું ઝીક્ર થઇ જાય છે. અહીં અલ્લાહ જલ્લેશાનહુ ખુદ અલન એલાન જાહેર કરે છે કે આપ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)નું ઝીકર મેં બુલંદ કરી રાખ્યું છે. અલ્લાહ જેનો મરતબો, તેની તારીફ તેનું ઝીકર બુલંદ કરે તો એ કેટલા બુલંદ મકામની વાત છે. અલ્લાહના ઝિક્ર સાથે તેમનું પણ ઝિક્ર થાય છે. "ઈન્નલ્લાહા વમલાયકતુહ યુસલ્લુના અલનનબીયો યા અલૈયોહલ્લઝીના આમનુ સલ્લુ અલૈહે વસલ્લેમુ તસ્લીમા..." (સૂરહ અહઝાબ-૫૬)

મઆનીઃ (કન્ઝુલ ઈમાન) બેશક! અલ્લાહ અને તેના ફરિસ્તાઓ દરૂદ મોકલે છે. આ ગૈબ કહેનાર (નબી) પર, અય ઈમાનવાળાઓ! એમના પર દરૂદ અને ખૂબ સલામ મોકલો."

આ આયત શરીફ સંપૂર્ણ કુર્આન મઝીદના રાઝમાંથી એક રાઝ છે. આના અર્થઘટનમાં જોઈએ તો એવું જાહેર થઇ રહ્યું છે કે દરૂદ શરીફ પઢવું એ અલ્લાહ તઆલાની હા માં હા મેળવવા બરાબર થાય છે.

લકદજાઅકુમ રસુલુમ મિન અનફોસેકુમ અઝીઝુન અલૈહે મા અન્તુમ હરીસુન અલૈકુમ બિલ મોઅમેનીન વ રઉફૂર્ રહિમ. (સૂરહ તૌબા, પારા નં. ૧૧)

અર્થઃ (કન્ઝુલ ઈમાન) બેશક! તમારી પાસે પધાર્યા તમારામાંથી તે રસુલ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) જેમના પર તમારૂં તકલીફમાં પડવું ભારે (અણગમતું) છે, તમારી ભલાઇના ખૂબ ચાહક. મુસલમાનો પર અતિશય મહેરબાન (છે).

ભાવાર્થના અર્થઘટન પર વિચાર કરતાં આ આયત શરીફમાં બારી તા'લા પગમ્બરે ખુદા (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ને પોતાની જાતે રેહમતના લકબ જે તેના માટે જ ખાસ છે. તે રઉફ અને રહીમ ને તેના પ્યારા હબીબને ટ્રાન્સફર (મુન્તકિલ) કર્યા છે. આ પહેલાં કોઈપણ નબીને યા પયગમ્બરને પોતાના ખાસ નામ અને તેના લકબથી નવાજયા નથી. આ ખુશુસી શાન હુઝુર મદની સરકાર (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ને નવાઝયા છે. માશાઅલ્લાહ!

આપ રઉફ ઔર રહીમ, આપ કરીમ વ અમીન ભી હૈ,
આપ નબી ઔર રસુલ ભી આપ હબીબ વ ખલીલ ભી હૈ.

પારા નં. ૨૯, સુરહ નૂનમાં અલ્લાહ તા'લા શું ફરમાવે છે, વઈન્નકા લાઅલા ખુલુકીન અઝીમ.

અર્થાતઃ (કન્ઝુલ ઈમાન) "તમારૂં ચારિત્ર્ય અતિ ઉચ્ચ છે." હુઝુરની હદીષનું મફહૂમ પણ છે કે ફરમાવ્યું કે, "મને ચારિત્ર્યની ખૂબીઓ અને કામોની સારાસારની સંપૂર્ણતા માટે મોકલવામાં આવ્યો."

"ખલકમાં કોઈ નથી, ખુલુકમાં પણ કોઈ નહીં
ના આપની કોઈ મિશાલ ના આપનો કોઈ મિસ્લ
(સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)

આ વાત પણ અલ્લાહ તા'લાએ તેના કોઇ નબી યા રસૂલને માટે અગાઉ ફરમાવી નથી. તેમાં કોઇ શક નથી કે અગાઉ આવી ગયેલા નબી યા રસૂલને અલ્લાહ તા'લાએ નવાઝયા નથી. દરેકને કોઇ ન કોઇ ઈલ્કાબથી નવાઝયા જરૂર છે. પણ તેના હબીબ પર તો તેઓ બહુ જ નવાઝીસો અર્પણ કરી ચૂકયા છે. "હોજે કૌષર"ની કેટલી મોટી નવાઝીશ? સુબ્હાનઅલ્લાહ! કયારેક 'યાસીન' તો કયારેક 'તાહા'થી પુકાર્યા.

અર્થઘટન પર નઝર નાખતા જણાય છે કે આ બાબત પણ અલ્લાહ તા'લાએ તેમના કોઇ નબી યા રસૂલને માટે ફરમાવ્યું નથી. આ એઝાઝ-મરતબો ફકત મોહંમદ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) માટે જ છે. આપનું ખુલ્ક અઝીમ છે અને આપ અઝીમ ખુલ્કના માલિક છો...માશાઅલ્લાહ!! સુબ્હાનઅલ્લાહ!!!

CSC    HDFC BANK    BAJAJ Allianz    ICICI Lombard Nibhaye Vaade
All Types of Digital eGovernance
Banking & Insurance Service's Provider
Tours & Travels Booking Center
Muzakeer Raza Azhari
+91 - 70414 59591
visionconnect@yahoo.com
VISION CONNECT
Jetpur - 360 370, GUJ, IN

જુનેદ - મો. ૯૦૬૭૭ ૬૦૨૦૦
અબુભાઇ - મો. ૯૮૨૪૫ ૮૨૪૮૮
ફેમસ પાન & સોડા શોપ
અમારે ત્યાંથી દરેક જાતના ઠંડા પીણા મળશે.
જેલ રોડ, જૂનાગઢ.

Abu Khatri    Mob. 88 66 72 72 88
98245 82488
SAFEKILL
Pest Services
Quality is Our Motto
Near Fast Track Court, Jail Road, Junagadh-362 001.

''યાસીન, વલકુર્આનિલ હકીમ, ઈન્નકા લમીનલ મુરસેલિન.''

અર્થઃ (કન્ઝુલ ઈમાન) હિકમતવાળા કુર્આનની કસમ બેશક! તમે સીધા માર્ગે મોકલવામાં આવ્યા છો. ઈઝઝતવાળા મેહરબાનનું ઉતારેલું. ''તમે''ના સંદર્ભે તે આપ, સૈય્યિદે અંબિયા મોહમ્મદ મુસ્તુફા (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ને માટે છે. બેશક તમે રસૂલોમાંથી છો.

આ એલાન કરવા માટે રબ તા'લાએ કુર્આનમાં કસમ ખાધી છે. એટલા માટે જ ફકત કે તેમના પ્યારા હબીબ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ની ઈઝઝત અને એહતરામને માટે જ છે. તેના બુલંદ મરતબાને દર્શાવે છે, માશાઅલ્લાહ!

પારા-૨૦માં ફરમાવે છે કે ''કુલીલ હમ્દો લિલ્લાહે વ સલામુન અલા એબાદહ્લઝી નસતદા''

અર્થાતઃ (કન્ઝુલ ઈમાન) તમે કહો, બધી ખૂબીઓ અલ્લાહ તઆલા માટે જ. અને સલામ તેના ચૂંટાએલા બંદાઓ પર. અહીં ચૂંટાયેલા બંદાઓનો સંદર્ભ તેમના અસહાબો તરફ નિર્દેશ કરે છે. (રેફ. હઝરત ઈબ્ને અબ્બાસ રદીઅલ્લાહુ અન્હુ) અને અલ્લાહ તેમને સલામ પહોંચાડે છે. આપની અને આપના અસહાબિઓની તારીફ અને તકરીમનું વર્ણન કુરઆનમાં પ્રગટ થાય છે.

એક જગ્યાએ સૂરે તાહામાં ફરમાવે છે કે, અય મેહબુબ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) અમે તમારા ઉપર કુરઆન એટલા માટે નથી ઉતાર્યુ કે તમે મસકકત (મુશ્કેલી) ઉઠાવો. જયારે બીજી જગ્યાએ સ્પષ્ટતાથી જણાવી દીધું કે ''જેણે રસૂલ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ની ઈતાઅત કરી તેણે બેશક અલ્લાહ તઆલાની ઈતાઅત કરી. બોલો, આનાથી વધીને બીજું કયું ઈનામ હોઈ શકે!

જુઓ ભાઈઓ, કુરઆનમાં રબ તઆલાને હર જગ્યાએ તેના પ્યારા રસૂલ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ને પોતાની સાથે સાથે જ રાખ્યા છે. પુરૂં કુરઆન આપ સરકારની શાને નબૂવ્વત અને તેમના બુલંદ દરજજાની ગવાહી પૂરી પાડે છે. અલ્લાહની નવાઝીશ તો જુઓ તેમના માટે ''હું ખુદ સાહિદ છું'' તેવું કહયું ના કે બીજા કોઈ પયગમ્બર વિશે. દીને ઈસ્લામ બધા દીનો મઝહબો પર ગાલીબ કરવાનું અલલ એલાન પણ જાણવા મળ્યું તેવું કોઈ નબી યા પયગમ્બર માટે નથી કહયું. આવા સૌથી મહાન નબી (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ના આપણે ઉમ્મતિ છીએ તે કેટલી મોટી બરકત અને સઆદત છે. તેમના ઉમ્મતિ થવા નબીઓ/રસૂલોઓ ઈચ્છા જાહેર કરી હતી તે વિશે આપ જાણો જ છો. આપણે કેટલા ભાગ્યશાળી છીએ કે આપણો દીન પણ મહાન અને આપણાં સૈયેદિલ મુરસેલિન (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) પણ આલાતરીન. અલ્લાહ તઆલાનું એલાન જગજાહેર છે કે દીને ઈસ્લામ બધા જ દીનો ઉપર ગાલીબ છે, ઉચ્ચત્તમ છે. આખું વિશ્વ દીને ઈસ્લામને નુકશાન પહોંચાડવા પ્રયત્નો કરે છે પણ દીને ઈસ્લામને ચાહવાવાળા દિન-પ્રતિદિન વધતાં જ જાય છે. આજ તો દીને ઈસ્લામની ખૂબી છે. આપ સરકાર (સલ્લલ્લાહુ અલૈહિ વલ્લમ)ની દીની તાલિમનો એ ખુશનુમા પ્રસંગ છે. એને અલ્લાહ તઆલાને કહી દીધું કે દીને ઈસ્લામ બધા દીનો ઉપર ગાલીબ છે. એ સનાતન સત્ય છે. જેને કોઈ મીટાવી ના શકે. ''મુદ્દઈ લાખ બૂરા ચાહે તો કયા હોતા હૈ.''

અલ્લાહ જલ્લે શાનહુ એ તેના હબીબ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ની સમક્ષ ઉંચે અવાજે વાત કરવાની મનાઈ ફરમાવી અને ફરમાન જારી કર્યુ કે રસૂલે કરીમ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ની સામે અદબથી બોલનારને કુરઆનમાં ફરમાવી દીધું કે તેને મગ્ફિરત અને અઝરે અઝીમનો સવાબ મળશે તેવો વાઈદો ફરમાવી દીધો, માશાઅલ્લાહ!

આ ઉપરાંત હજુ ઘણું તેમના સમર્થનમાં લખી શકાય પણ લેખ બહુ લાંબો ન થઈ જાય તે માટે પારા ૩૦ માં સુરે કૌશરની વાત લખી પૂર્ણ કરીશ.

''ઈન્ના આ તૈયના કલ કૌશર ફસલ્લે લે રબ્બેકા વનહર. ઈન્ના શાઅનેકા હોવલ અબતર.''

તરજુમો (કન્ઝુલ ઈમાન)ઃ અય મહેબૂબ, અમે તમને અસંખ્ય ખૂબીઓ આપી. તો તમે પોતાના રબ માટે નમાઝ પઢો અને કુરબાની કરો. બેશક જે તમારો દુશ્મન છે તે જ દરેક સારી વસ્તુથી વંચિત છે.

''કૌશર'' એ જન્નતની આલા તરીન નહેર છે/કે હોઝ છે. આ નહેરથી ફકત મોમીનો પાણી પીશે. કાફીરો મહરૂમ રહેશે. તેનું પાણી દૂધથી વધુ સફેદ અને મધથી વધુ મીઠું છે. આ હોઝે કૌશર અદન અને અમાનની દરમ્યાની ફાસલા (અંતર) બરાબર છે અને તેમાં સોનાના નલ હશે, જે જન્નતથી આવતા હશે જે ફકત મદની સરકાર (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ને અર્પણ

અનુસંધાન પાના નં. ૮ ઉપર

NRP
NEW RAJ PLASTIC
Samir R.
Mob. 92272 13606
Mfg.: All type of Plastic Items and Gas Lighter Parts
3-GOKULNAGAR, RAJKOT - 360 002.

Mob. 88668 38281
88667 37270
Shop No. 1, Nagar Boarding,
Opp. Virani School,
Tagore Marg, Rajkot-360002.
E-mail: sarfaraz_8725@yahoo.com
Bharat fast food

# ટ્રાફિક પોલીસ બિચારી કે બેજવાબદાર?

સાભારઃ ડૉ. અશોક પટેલ

દિન-પ્રતિદિન શહેરીકરણ, આર્થિક સધ્ધરતા અને જરૂરિયાતને કારણે મુસાફરીના વાહનોમાં વધારો થઇ રહયો છે. રસ્તાને પહોળા બનાવવામાં આવે છતાં સમયાંતરે તે રસ્તાઓ પણ સાંકડા બનતા જાય છે. રસ્તા સાંકડા બનતા જાય છે, તેમ ટ્રાફિકના નિયમો-કાયદાનું પાલન કરવામાં પ્રજા અને કાયદાનું પાલન કરાવનાર ટ્રાફિક પોલીસ એમ બંનેનું માનસ પણ સાંકડું થતું જાય છે. શાળા-કોલેજોમાં ટ્રાફિકના નિયમો અંગેની જાગૃતતા લાવવા માટે અનૌપચારિક શિક્ષણનું કામ થાય છે, પણ જેમને વાહન ચલાવવાના નથી તેમને મળતું આ શિક્ષણ જે તે સમયે ઉપયોગી બનતું નથી અને જયારે વાહન ચલાવવાનું શરૂ કરે છે, ત્યારે તેમનું માનસ બદલાઇ ગયું હોય છે. કાયદાનું પાલન કડકાઇથી કે દંડ કરવાથી ન થાય, તે માટે નિષ્ઠા હોવી જોઇએ.આ નિષ્ઠા દાખવવામાં લોકો અને નિષ્ઠા દાખલ કરવામાં ટ્રાફિક પોલીસ બંને નિષ્ફળ ગયા છે.

ટ્રાફિકનું સુચારૂં સંચાલન કરાવવા માટે રસ્તાઓ પર પોલીસ ખડે પગે તૈયાર ઉભેલી જોવા મળે છે. પછી તેમાં ચોમાસામાં વરસતા વરસાદમાં કે ઉનાળામાં ધોમધખતા તાપમાં પણ આ પોલીસના કર્મચારીઓ પોતાની સેવા બજાવવા માટે નજરે પડે છે. ત્યારે મનોમન તેમના માટે હમદર્દી ઉભી થાય છે. સાથે વિચાર પણ આવે છે કે, આ રીતે ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓ માટે સરકારે વિશિષ્ટ સાધનો સવલતો આપીને તેમનામાં ફરજ પ્રત્યે પ્રોત્સાહન પુરૂં પાડવું જોઇએ.

જો પ્રજા પોતે જ ટ્રાફિકના નિયમોનું ચૂસ્તપણે, નિષ્ઠાપૂર્વક પાલન કરતી હોય તો પોલીસને ચાર રસ્તા પર ઊભા રાખવાની જરૂર જ ન પડે. આવા અનેક દ્રશ્યો સિંગાપોર અને ઓસ્ટ્રેલિયામાં જોવા મળે છે. જયાં ચાર રસ્તા પર ભાગ્યે જ કોઇ ટ્રાફિક પોલીસ જોવા મળતી હોય. છતાં ત્યાં ટ્રાફિકના કાયદાનું પાલન સરસ રીતે થાય છે. ત્યારે ભારતમાં કેમ નહિ? કારણો ઘણાં છે. પણ એક અગત્યનું કારણ પ્રજા અને પોલીસ બંનેમાં નિષ્ઠાનો અભાવ છે. પોલીસમાં રહેલ નિષ્ઠાનો અભાવ જ પોલીસના કામને વધારે કઠીન બનાવે છે. ટ્રાફિક પોલીસમાં કેટલાક જૂજ પ્રમાણમાં, ખૂબ જ ઓછા નિષ્ઠાવાન કર્મચારીઓ છે, તેમના કારણે ટ્રાફિકનું તંત્ર ટકી રહયું છે તેમ કહેવામાં સહેજ પણ અતિશ્યોક્તિ નથી. બાકી મોટા ભાગના ટ્રાફિક પોલીસને ટ્રાફિકના સારા સંચાલન કરતાં પૈસા ઉઘરાવવામાં રસ હોય છે તેમ મોટાભાગના લોકો માને છે. ટ્રાફિક પોલીસ સાવ સામાન્ય લાગતા કારણોસર લોકોને હેરાન પરેશાન પણ કરી મૂકે છે. જેમકે, હેડ લાઇટ પર પીળો પટ્ટો કેમ નથી? સાઇડ ગ્લાસ કેમ નથી? પી.યુ.સી. કેમ નથી? વગેરે. અહીં આવા કાયદાનું પાલન ન કરો તો ચાલે તેમ કરવાનો સહેજે અર્થ નથી. પણ જે સમયે પોલીસ વાહન ચાલકને ઉભો રાખીને આવા કાયદાનું પાલન કરાવવાનો આગ્રહ રાખતા હોય ત્યારે એ જ ચાર રસ્તા પર ટ્રાફિક જામ થયો હોય, સાયકલ, સ્કૂટર કે લારીવાળા ભાઇઓ રોંગ સાઇડમાં અવરજવર કરીને અન્ય વાહન ચાલકોને મુશ્કેલીમાં મૂકતા હોય છે. ત્યાં પોલીસનું ધ્યાન કેમ નહીં જતું હોય?

પોલીસના આવા વર્તનોને કારણે તે પ્રજાથી દુર જઇ રહી છે અને પ્રજા તેમનો અનૈતિક રીતે સામનો કરવાની હિંમત કરે છે. અન્ય એક ઉદાહરણથી વાચકને વધુ ખ્યાલ આવશે કે પોલીસનું વર્તન, વિચાર અને નિષ્ઠા કેટલી હદ સુધી નીચે ગયા છે. હમણાં થોડા સમય પૂર્વે કોર્ટના આદેશ મુજબ વાહનોના બારીના કાચ પર લગાવવામાં આવતી રંગીન ફિલ્મ-રંગીન કાગળ હટાવવાની ઝુંબેશ ચાલી. કોર્ટના આદેશનું પાલન કરવા માટે માત્ર અમદાવાદમાં જ દરરોજના આશરે ત્રણ હજાર વાહનોને પકડવામાં આવતા. આજે પણ આ ઝુંબેશ ચાલુ જ છે. જેમાં ટ્રાફિક પોલીસ મોટાપાયે ભ્રષ્ટાચાર પણ કરે છે. આ નિયમ તમામ પ્રકારના વાહનો માટે છે. ત્યારે આ લખકે જ અમદાવાદમાં જે અધિકારીના આદેશથી આ ઝુંબેશ ચલાવી હતી તેમની સાથે ટેલિફોન પર વાત કરી. અધિકારીનું ધ્યાન દોરતાં જણાવેલ કે, શું આ નિયમ માત્ર પ્રજાના જ વાહનોને લાગુ પડે છે? સરકારી વાહનોને લાગુ પડે? જવાબ મળ્યો કે, હા, તમામ વાહનો માટે આ નિયમ છે. ત્યારે સૂચન કરેલ કે, સાહેબ, દરરોજ પ્રજાની ત્રણ હજાર જેટલી ગાડીઓના કાચ પરથી ફિલ્મ ઉતારો છો અને દંડ કરો છો, ત્યારે ન્યાયાધીશના વાહનો, ધારાસભ્યોના વાહનો, અરે! પોલીસ અધિકારીઓના વાહનો, એસ.ટી.ની બસ, બી.આર.ટી.એસ.ની બસ વગેરેની બારીઓ પર રંગીન ફિલ્મ હોય છે કે કાચ રંગીન હોય છે. તેમની સામે કેમ પગલાં ભરાતા નથી? શું કાયદા માત્ર પ્રજા માટે જ છે? સરકારી વાહનો માટે નથી? કે ત્યાં ભ્રષ્ટાચાર આચરી શકાતો નથી? સાચું શું છે? જો કાયદાનું પાલન કરાવવું હોય તો બધે જ કરાવો.

માત્ર દંડ કરવા માટે ભ્રષ્ટાચાર આચરવા માટે ખાનગી વાહનોને જ શા માટે ટારગેટ કરવામાં આવે છે. અરે, મિત્રો, તમે આ લેખ વાંચતા હશો ત્યારે પણ પરિસ્થિતિ તો એ જ ચાલુ હશે. ટ્રાફિક પોલીસે કેટલા સરકારી વાહનો પકડયા? કેટલી બસ પરથી રંગીન ફિલ્મ ઉતારી? તો પોલીસના આવા એકપક્ષી વર્તનને કારણે જ પ્રજા દૂર જાય છે અને ટ્રાફિક પોલીસ બેઇજ્જત બને છે. મહેરબાની કરીને ટ્રાફિક પોલીસે ટ્રાફિકનું સુચારૂ, વ્યવસ્થિત સંચાલન થાય તેમાં ધ્યાન આપવાની જરૂર છે, માત્ર પ્રજાને જ દંડ કરવાથી ઉકેલ નહીં આવે. ગોળ ખાવાની ત્યારે જ ના પડાય, જયારે આપણે ગોળ ન ખાતા હોઇએ. આવી ઘટનાઓને રોકવા કે દુર કરવા પોલીસ અને પ્રજા બંનેને અનૌપચારિક શિક્ષણ આપવું પડશે. શરૂઆત વધુ જવાબદાર એટલે કે પોલીસથી જ કરવી પડશે.




જૂના અને જાણીતા
માહિર - મો. ૯૯૦૪૧ ૨૦૧૨૫
ફોન : ૦૨૮૫-૨૬૨૩૩૩૮
ખત્રી યાકુબ ઈશાક ચશ્માવાલા
અમારે ત્યાંથી બ્રાન્ડેડ કંપનીના કાચ-ફ્રેમ તથા ગોગલ્સ, લેન્સ ખૂબ જ વ્યાજબી ભાવે મળશે.
સર્કલ ચોક, જૂનાગઢ.

and pulls the body towards the bar, strengthening the grip.

5. **Muscle Strength**
   Involves repetitive movements using dumbbells ranging from 5 lbs to 20 lbs.

## Conclusion

Nature, indifferent to our longevity, has programmed our bodies for health decline, resulting in a diminished quality of life. To achieve a healthy span with longevity, active efforts are required to reprogram the body.

Here are some essential tools to consider:

1. **Improve Perception of Health**
   Evaluate and elevate your perception of well-being by comparing your health status with others of the same age. Determine where you stand on the scale ranging from excellent to poor, aiming for a higher position indicative of better health.

2. **Enhance Oxygen Delivery**
   Engage in various forms of exercise to optimize oxygen supply to all muscles.
3. **Disease Management**
   Address and repair any existing health issues or diseases.

4. **Toxicity and Inflammation Protection**
   Safeguard your body against toxicity and inflammation to maintain robust immunity.

Before initiating any health protocol, cultivate faith and trust in your intentions and expectations.

Wishing you holistic health and happiness on your journey.

## Resources

1. 'Lifespan' by David A. Sinclair, PhD, with Matthew D. LaPlante
2. 'Outlive' by Peter Attia, MD with Bill Gifford
3. 'The Telomere Effect' by Elizabeth Blackburn, PhD, and Elissa Epel, PhD
4. 'You: Staying Young:' The Owner's Manual for Looking Good & Feeling Great, Michael F. Roizen and Mehmet Oz

## About the Author



*Max Haroon is a social entrepreneur, a holistic health advocate, and an author. He has hosted hundreds of events for many not -for -profit organizations, he founded, over the last 25 years. He has authored seven books in the Life Learning Series including 7 Steps to Dental Health* *www.7stepsdentalhealth.com* . The books are based on his life lessons learned in a heuristic way in conjunction with subject experts.

*Max has culminated his passion for holistic health and natural medicine by establishing the Healthy Aging Foundation (HAF), which will bring educational events by practitioners of various health modalities. Sign-up to attend LIFE-Talks at www.healthyaging.foundation*

Dr. A. G. DHADA
M.S. (Ortho)
Consulting Orthopaedic
& Hand Surgeon

**Dhada Hospital**
Fracture, Accident, Orthopaedic & Surgical Hospital,
Address: Near Raj Talkies, Tembhode Road, Palghar 401 404.
Timing: 10:00 am to 1:00 pm Tel.: 02525 254229 / 251472
**City General Hospital**
General & Industrial Trauma Centre
Address: Near SBI, Khodaram Baug, Tarapur Road,
Boisar, Dist. Thane, Timing: 4:00 pm to 7:00 pm
Tel.: 02525 267181 Mobile: +91 98231 82340

MUSTAK - +91 9879909192
KADAR - +91 98792 79296
SHAMIYANA DYEING
MANUFACTURERS & PRINTERS OF ALL TEXTILE PRODUCTS
JETPUR-NAVAGADH, GUJARAT (INDIA) - 360 370.
Tel.: +91-2823-224345, Fax: +91-2823-220982, E-mail: shamiyanadyaing@gmail.com

RNI Regd. No. GUJGUJ/2017/76920 — Times of Khatri December-2024 — Postal Regd. No. Rajkot/707/2024-2026

If undelivered please return to:

ટાઈમ્સ ઓફ ખત્રી
Times of Khatri

Halai Muslim Khatri Trust
Gokulnagar, Street No. 3, B/h. 50 Feet Road,
Kothariya Main Road, RAJKOT-2. Mob. 94272 52547

To,

Posting Dt. 7th of every month at Rajkot RMS

# સમાચાર દર્પણ

## શાદી મુબારક

નવાગઢ-જેતપુરના રહીશ જનાબ સલીમ અબ્દુલ્લાહ ઘુમરાની નેક દુખ્તર **રીઝવાનાબાનુ** ની નિકાહ પોરબંદરના રહીશ જનાબ નઝીરએહમદ અ.શકુર કારાતેલાના નેક ફરઝંદ **મુબસ્સીર** સાથે તા. ૦૩-૧૧-૨૦૨૪ના રોજ નવાગઢ મુકામે થયેલ છે. આ ખુશીના પ્રસંગે દુલ્હનના વાલિદ તરફથી જેતપુર જમાતને રૂા. ૫૦૦, ફેડરેશનને રૂા. ૫૦૦, ઈકો ફાઉન્ડેશનને રૂા. ૫૦૦, હાલાઈ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટને રૂા. ૫૦૦, ખત્રી અંજુમનને રૂા. ૫૦૦, તેમજ જેતપુર જમાતને દુલ્હનના મોટાબાપા જનાબ મ.ઈકબાલ અબ્દુલ્લાહ ઘુમરા તરફથી રૂા. ૧૫૧, મોટાબાપા વલીમોહમ્મદ અબ્દુલ્લાહ ગિરાચ તરફથી રૂા. ૫૦૦, મોટાબાપા આરીફ અબ્દુલ્લાહ ઘુમરા તરફથી રૂા. ૨૫૦, કાકા અમીન અબ્દુલ્લાહ ઘુમરા તરફથી રૂા. ૨૫૦ તેમજ દુલ્હાના વાલિદ જનાબ નઝીરએહમદ અ.શકુર કારાતેલા તરફથી જેતપુર જમાતને રૂા. ૫૦૦, ફેડરેશનને રૂા. ૫૦૦, ઈકો ફાઉન્ડેશનને રૂા. ૫૦૦, હાલાઈ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટને રૂા. ૫૦૦ બક્ષિસ મળેલ છે. શુક્રિયાહ સહ મુબારકબાદ

જૂનાગઢના રહીશ જનાબ હનીફભાઈ આદમભાઈ દગીચાની નેક દુખ્તર **સમીમ** ની નિકાહ પ્રભાસપાટણના રહીશ ડૉ. સલીમભાઈ એ. માંકડના નેક ફરઝંદ **ડૉ.સજ્જાદ** સાથે તા. ૧૦-૧૧-૨૦૨૪ના રોજ થયેલ છે. આ ખુશીના પ્રસંગે દુલ્હા પક્ષ તરફથી ફેડરેશનને રૂા. ૨૫૦, ઈકો ફાઉન્ડેશનને રૂા. ૨૫૦, ખાદિમને રૂા. ૨૫૦, હાલાઈ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટને રૂા. ૨૫૦, જુનાગઢ જમાતને રૂા. ૨૫૦ તેમજ દુલ્હન પક્ષ તરફથી ફેડરેશનને રૂા. ૨૫૦, ઈકો ફાઉન્ડેશનને રૂા. ૨૫૦, ખાદિમને રૂા. ૨૫૦, હાલાઈ મુસ્લિમ ખત્રી ટ્રસ્ટને રૂા. ૨૫૦, જુનાગઢ જમાતને રૂા. ૨૫૦ બક્ષિસ મળેલ છે. શુક્રિયાહ સહ મુબારકબાદ

## રૂખ્શતે જહાં

પીપલાણાના રહીશ વલીમોહંમદ અલીમોહંમદ ગિરાચનો ઈન્તેકાલ તા. ૨૨-૧૦-૨૦૨૪ના રોજ થયેલ છે. ઈન્ના લિલ્લાહે વ ઈન્ના....
બસના (છત્તીસગઢ)ના રહીશ અબ્દુલગફાર આદમ ડોરનો ઈન્તેકાલ તા. ૨૯-૧૦-૨૦૨૪ના રોજ થયેલ છે. ઈન્ના લિલ્લાહે વ ઈન્ના....
જામનગરના રહીશ અબ્દુલરઝાક અહેમદ ગિરાચનો ઈન્તેકાલ તા. ૦૪-૧૧-૨૦૨૪ના રોજ થયેલ છે. ઈન્ના લિલ્લાહે વ ઈન્ના....
ધોળકા (કોડિનારવાળા)ના રહીશ અબ્દુલગફાર કાસિમ ભૂછડાનો ઈન્તેકાલ તા. ૦૯-૧૧-૨૦૨૪ના રોજ થયેલ છે. ઈન્ના લિલ્લાહે ....

અનુસંધાન પાના નં. ૫ નું ચાલુ....

કરવામાં આવેલ છે. જેનું વર્ણન (એલાન) ખુદ ખુદાવંદ કરીમે કુરઆનમાં ફરમાવેલ છે, માશાઅલ્લાહ!

"જે હુકમ તમને રસૂલ આપે તો તેને કબૂલ કરો અને જે ચીજથી મના કરે તેનાથી દૂર રહો." (સૂરહ હસર રૂકુ નં.૧નું મફહૂમ) આ બે સુન્હેરી વાકયોમાં જીવન સાફલ્યનું મહત્વ જણાવી આપ નામદાર (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) પર નતમસ્તક બનવું જરૂરી છે. તેમને ખુશ કરવા દુરૂદ શરીફ પઢતા રહેવું અગત્યનું છે.

ઉપરોકત બે વાકયોનો એક તો એ અર્થ થાય છે કે રસૂલે કરીમ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) જે વાતનો હુકમ કરે તે વાત અલ્લાહ તઆલાના હુકમના તાબે છે. દરેક જગ્યાએ હરએક પ્રકારના અખત્યાર તેમને આપેલા છે. આ એક સત્ય હકિકત છે. જેણે અલ્લાહના રસૂલનો હુકમ માન્યો તેણે અલ્લાહનો હુકમ માન્યો. તો તેણે યકીનન અલ્લાહનો હુકમ માન્યો.

અલ્લાહે તેના મહેબૂબ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ને કલામે પાક તેમના પર ઉતાર્યુ. તેમાં જે ૭ વાકયોવાળી સૂરહ યાને 'અલ્હમ્દો શરીફ' અતા કરી. જે કોઈ નબી યા રસૂલને નથી આપી. તેને હર નમાઝમાં પઢવી જરૂરી છે. તેને આયતે શિફા પણ કહે છે. અર્શે અઝીમના ખઝાનામાંથી એક ખઝાનો છે, જે ફકત આપને અર્પણ કરવામાં આવી ના કે બીજા કોઈને. અઝીમ તરીન બરકતવાળી સૂરહ છે. અલ્લાહ જલ્લે શાનહુ એ તેના મહેબૂબનો મરતબો વધારવા કુર્આનમાં અસંખ્ય જગ્યાએ ઈમાનવાળાઓને ઉદ્દેશી ઘણાં બધાં હુકમો જાહેર કરેલા છે.

અલ્લાહ પાસે દુઆ છે કે નૂરે ઈમાનની દૌલતથી માલામાલ કરે, આમીન.

## આપનું લવાજમ તુરંત કાર્યાલયે જમા કરાવો.

Printed by NAZIR V. SHERASIA and published by SAMIR R. GHUMARA, Secretary of trust on behalf of HALAI MUSLIM KHATRI TRUST and printed at STAR COMPUTER, C-101, POOJA COMPLEX, HARIHAR CHOWK, RAJKOT-1, GUJARAT and published at HALAI MUSLIM KHATRI TRUST, RAJKOT at GOKULNAGAR, STREET NO. 3, B/H. 50 FEET ROAD, KHOTHARIYA MAIN ROAD, RAJKOT. Editor RAFIK ABUBAKAR CHHATBAR.